**ક્રિ.કેસ નં.૪૩૪૪/૨૦૧૭**

**(સને ૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૫ મુજબનો ચુકાદો)**
**અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ**

**આંક–**

| | | | |
|---|---|---|---|
| (અ) | કેસનો અનુક્રમ નંબર | :– | **8388/2017** |
| (બ) | ગુન્હો બન્યાની તારીખ | :– | **24.08.2019** |
| (ક) | ફરીયાદીનું નામ | :– | **શ્રી સરકાર** |
| (ડ) | આરોપીઓના નામ અને સરનામું | :– | **પ્રકાશ છોટાલાલ રાજપુર** |
| (ઈ) | ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ | :– | **ઈ.પી.કોડ કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ** |
| (ફ) | આરોપીનો જવાબ અને તપાસણી | :– | |

સવાલઃ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબઃ– મને ગુનો કબુલ છે.

.......................................................

**મારી રૂબરૂ**

**અમદાવાદ** **ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**તા. ૧૪.૧૨.૨૦૧૯** **અમદાવાદ**

(૧) આ કામમાં પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડ કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૦૩ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૦૪ થી પ્લી લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતાં આરોપી તરફે રજુઆત છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને અજાણતાં આ ગુનો તેમનાથી થઈ ગયેલ છે. હવે પછી આ પ્રકારનો ગુનો નહી કરે તેવી ખાતરી આપે છે અને દયા કરવા વિનંતી કરે છે. જયારે એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**હુ ક મ**

ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ.પી.કોડ કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી સદર ગુના માટે **કુલ રૂ. ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ** ભરવા હુકમ કરૂ છું. આરોપી દંડ ન ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા. ૧૪.૧૨.૨૦૧૯